પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 25-06-2024 **Midday : 1.20 to 1.30**
Day : Tuesday **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

****

- લોકસભા સત્રનો આજે બીજો દિવસ.... વિવિધ પક્ષોના સાંસદો શપથ લઈ રહ્યા છે
- લોકસભાના અધ્યક્ષ પદ માટે ભાજપ તરફથી ઓમ બિરલા અને કૉંગ્રેસ તરફથી કે. સુરેશે ઉમેદવારી નોંધાવી, આવતીકાલે થશે ચૂંટણી
- NEET – UG પરીક્ષા મામલે સીબીઆઇએ ગુજરાત, બિહાર અને રાજસ્થાનના પાંચ કેસો પોતાને હસ્તક લઇ તપાસ શરૂ કરી..
- કેન્દ્ર સરકારે દૂર સંચાર સેવાઓ મજબૂત કરવા હેતુથી 96 કરોડ રૂપિયાથી વધુ કિંમતના સ્પેક્ટ્રમની હરાજી શરૂ કરી
- ગુજરાત સહિત દેશના કેટલાંક ભાગોમાં ભારે વરસાદની અગાહી
- અને ટી-20 વિશ્વકપમાં અફઘાનિસ્તાન બાંગ્લાદેશને, જ્યારે ભારત ઑસ્ટ્રેલિયાને હરાવી સેમિફાઇનલમાં પહોંચ્યાં.

****

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

LOKSABAH OATH

18મી લોકસભાનો બીજો દિવસ ચૂંટાયેલા સાંસદોના શપથ વિધિ સાથે શરૂ થયો. આજે એડ્વોકેટ ગોવાલ કાગડા પદવીએ હિન્દીમાં શપથ ગ્રહણ કર્યા હતા.

જ્યારે કે અપક્ષ સાંસદ બચ્છવ શોભાએ તેમજ ભાજપના સાંસદ સ્મિતા ઉદય વાઘે મરાઠીમાં શપથ ગ્રહણ કર્યા.

વધુ એક અપક્ષ સાંસદ અનુપ ધોત્રે, કોંગ્રેસના બળવંત બાસવંત વાનખેડે, એનસીપી અમર શરદરાવ કાલે, કોંગ્રેસના શ્યમ કુમાર દોલત બારવે, શિવસેનાના સાંસદ ડૉ. શ્રીકાંત એકનાથ શિંદે, નરેશ ગણપત મહાસ્કે અને અન્ય સાંસદોએ પણ શપથ લીધા હતા.

LS-SPEAKER

લોકસભાના અધ્યક્ષપદ માટે ભાજપના વરિષ્ઠ સાંસદ ઓમ બિરલાએ જ્યારે વિપક્ષ તરફથી કે. સુરેશે તેમની ઉમેદવારી નોંધાવી છે. કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહ, અમિત શાહ અને પીયૂષ ગોયલે આ અંગે સહમતી સાધવા કોંગ્રેસ નેતા કેસી વેણુગોપાલ અને ડીએમકેના ટીઆર બાલુ સાથે મુલાકાત કરી હતી. પરંતુ સરકાર અને વિપક્ષ વચ્ચે કોઈ સહમતિ સધાઈ ન હતી.

દરમિયાન કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ લોકસભાના અધ્યક્ષપદ માટે વિપક્ષ એનડીએના ઉમેદવારને સમર્થન આપવા માટે તૈયાર છે, પરંતુ નાયબ અધ્યક્ષપદ વિપક્ષના ઉમેદવારને જ આપવું જોઈએ તેમ જણાવ્યુ હતું. આજે સંસદ પરિસરમાં પત્રકારો સાથે વાત કરતાં શ્રી ગાંધીએ લોકસભામાં અધ્યક્ષપદ માટે સરકારને સમર્થન આપવા કેન્દ્રીય સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સાથે ફોન પર વાત કરી હોવાનું જણાવ્યુ હતું.

CBI NEET

કેન્દ્ર તપાસ સંસ્થા – સીબીઆઈએ NEET – UGની પરીક્ષા અંગે બિહાર, ગુજરાત અને રાજસ્થાનમાં નોંધાયેલા પાંચ કેસ પોતાને હસ્તક કર્યા છે. સીબીઆઈએ આ મામલે ગુજરાત અને બિહારમાં એક-એક જ્યારે કે રાજસ્થાનમાં ત્રણ કેસ દાખલ

કર્યા છે. તપાસ એજન્સી આ મામલે મહારાષ્ટ્રના લાતુરમાં નોંધાયેલા કેસની પણ તપાસ કરી શકે છે. અધિકારીઓના જણાવ્યા આનુસાર બિહાર પોલીસ દ્વારા દાખલ કરવામાં આવેલી એફઆઈઆર કથિત પેપર લીકથી સંબંધિત છે, અન્ય ચાર કેસ ઉમેદવારો, સ્થાનિક અધિકારીઓ અને નિરીક્ષકોને સંડોવતા કૌભાંડ અને છેતરપિંડી જેવા કથિત ગેરરીતિઓ સાથે જોડાયેલા છે.

NTA MEET

રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી – NTA દ્વારા પરીક્ષાર્થીઓના પારદર્શી, યોગ્ય અને નિષ્પક્ષ સંચાલનને સુનિશ્ચિત કરવા માટે શિક્ષણ મંત્રાલય દ્વારા રચાયેલી ઉચ્ચ સ્તરીય સમિતિની પ્રથમ બેઠક ગઈકાલે મળી હતી.

સમિતિના અધ્યક્ષ ડૉ. રાધાકૃષ્ણને પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું કે, વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતાઓ તેમજ સૂચનોને ધ્યાને લેવા - એ સમિતિની પ્રાથમિકતા છે. સમિતિ આ મુદ્દે વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથે સંવાદ કરશે. વધુમાં તેમણે કહ્યું કે સમિતિ વિદ્યાર્થીઓની મુશ્કેલી તેમજ તણાવ દૂર કરવા હેતુથી મજબૂત વ્યવસ્થા વિકસાવવા માટે પણ કામ કરશે.

ઉલ્લેખનીય છે કે નીટ-યૂજી પેપર લિક મામલે સરકારે ઇસરોના પૂર્વ અધ્યક્ષ ડૉ. કે. રાધાકૃષ્ણનની અધ્યક્ષતામાં સાત સભ્યોની સમિતિની રચના કરી છે. આ સમિતિ પરીક્ષા સુધાર, ડેટા સુરક્ષા પ્રોટોકોલ સહિત NTAના માળખા તેમજ કાર્યપ્રણાલીની સમીક્ષા અને ભલામણો સહિતના કાર્યો કરશે. સમિતિ આગામી બે મહિનામાં શિક્ષણ મંત્રાલયને અહેવાલ સુપરત કરશે.

NEET MAHARASHTRA

મહારાષ્ટ્રના નાંદેડમાં આંતકવાદ વિરોધી દળે લાતૂરના શિવાજી નગરમાં ચાર લોકો સામે ફરિયાદ દાખલ કરી છે. આ ચાર લોકો સામે NEET – UGની

પરીક્ષામાં ઉમેદવારોને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ગેરકાયદેસર મદદ કરતું જૂથ ચલાવતા હોવાનો આરોપ છે.

આરોપીઓમાં લાતૂર જિલ્લા પરિષદ વિદ્યાલયના શિક્ષક જલીલ ખાન પઠાણ સામેલ છે, જેમની રવિવારે રપકડ કરાઈ હતી. ન્યાયાલયે તેમને 2જી જુલાઈ સુધી પોલીસ કસ્ટડીમાં મોકલી આપ્યા છે. તો સોલાપુરમાં જિલ્લા પરિષદ વિદ્યાલયના બે શિક્ષકો સંજય જાધવ અને એરન્ના કોંગુલવારની પણ પૂછપરછ ચાલી રહી છે. લાતૂર પોલીસ દિલ્હીના એક આરોપી ગંગાધરને પણ શોધી રહી છે.

EMERGENCY

25મી જૂન 1975 ના દિવસે કોંગ્રેસની સરકાર દ્વારા દેશભરમાં કટોકટી લગાવવાનો નિર્ણય કરાયો હતો. 21 મહિના ચાલેલી આ કટોકટીનો વિરોધ કરનારા અનેક રાજકીય નેતાને જેલવાસ ભોગવવો પડ્યો હતો.. આ એકવીસ મહિનાનો સમયગાળો યાતનામય રહ્યો હતો.. કટોકટીના કાળને આજે 50 વર્ષ વીત્યા હોવાથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ સમયગાળાને કંલકિત ગણાવ્યો હતો. શ્રી મોદીએ 1975ની કટોકટી વખતે સંઘર્ષ કરનારા તમામ મહાપુરુષો અને મહિલાઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. તેઓએ સોશિયલ મીડિયાના માધ્યમથી વધુમાં જણાવ્યું હતું કે, આજનો દિવસ એ યાદ અપાવે છે કે કઈ રીતે કોંગ્રેસે દેશના સ્વાભિમાન સમાન બંધારણને કચડી લોકોની મૂળભૂત આઝાદી છીનવી હતી.

MID BREAK

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

SPECTRUM AUCTION

કેન્દ્રએ દૂરસંચાર સેવાઓને મજબૂત કરવા અને સેવાઓની નિયમિતતા જાળવી રાખવા માટે દૂરસંચાર સેવાઓ માટે આજે 96 કરોડ રૂપિયાથી વધુની કિંમતના સ્પેક્ટ્રમની હરાજી શરૂકરી છે. સંચાર મંત્રાલયે જણાવ્યું, હરાજી કરવામાં આવી રહેલા સ્પેક્ટ્રમની કુલ રકમ 10 હજાર 522 પોઈન્ટ 35 મેગાહર્ટ્ઝ છે.

મંત્રાલયે જણાવ્યું કે, સ્પેક્ટ્રમ 20 વર્ષના સમયગાળા માટે ફાળવવામાં આવશે અને આ માટે ઉપયોગ ખર્ચ લેવામાં નહીં આવે. આ હરાજીના દ્વારા લેવામાં આવેલા સ્પેક્ટ્રમને ઓછામા ઓછા 10 વર્ષના સમયગાળા પછી જ પરત કરી શકાશે.

Jharkhand Maoists Arrest

ઝારખંડના લાતેહાર જિલ્લામાંથી ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી માઓવાદીથી અલગ થયેલા પ્રતિબંધિત જૂથ તૃતીયા સંમેલન પ્રસ્તુતિ સમિતિના સાત સભ્યોની ધરપકડ કરવામાં આવી છે. ધરપકડ કરાયેલા આ લોકો પાસેથી બે પિસ્તોલ, છ કારતૂસ, ચાર મોબાઈલ ફોન, 5 હજાર રૂપિયા રોકડા, ત્રણ મોટરસાઈકલ અને કેટલાક દસ્તાવેજો મળી આવ્યા હોવાનું પોલીસ અધિક્ષકે જણાવ્યું હતું.

PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ મહિનાની 30મી તારીખે આકાશવાણી પરથી પ્રસારિત થનારા મન કી બાત કાર્યક્રમ માટે લોકોને વિચારો અને સૂચનો મોકલવા આમંત્રણ આપ્યું છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ દરેકને MyGov ઓપન ફોરમ, નમો એપ પર લખવા અથવા ટોલ ફ્રી નંબર 1800-11-7800 દ્વારા સંદેશાઓ રેકોર્ડ કરવા માટે આહ્વાન કર્યું છે. આગામી એપિસોડ માટેના તમામ સૂચનો આ મહિનાની 28મી તારીખ સુધી સ્વીકારવામાં આવશે.

૩૦મી જૂને પ્રસારિત થનારો 111મો એપિસોડ હશે. શ્રી મોદી સતત ત્રીજી મુદત માટે પ્રધાનમંત્રી તરીકે પુનઃ ચૂંટાયા બાદ પ્રસારિત થનારો આ પ્રથમ એપિસોડ હશે. મન કી બાત કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઈટ અને ન્યૂઝ એર મોબાઈલ એપ પર પ્રસારિત કરવામાં આવશે. એઆઈઆર ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું લાઈવ સ્ટ્રીમિંગ કરવામાં આવશે. આકાશવાણી હિન્દી પ્રસારણ પછી તરત જ પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરશે.

INDIA WEATHER

દક્ષિણ પશ્ચિમ ચોમાસું દિક્ષણથી ઉત્તર તરફ આગળ વધી રહ્યું છે, જેને કારણે દેશના અનેક ભાગોમાં વરસાદી માહોલ જામ્યો છે.

દરમિયાન હવામાન વિભાગે ગુજરાતના વિવિધ જિલ્લાઓ ઉપરાંત કેરળ, કર્ણાટક, કોંકણ અને ગોવા સહિતના વિવિધ ભાગોમાં ભારે વરસાદની અગાહી છે. હવામાન વિભાગ અનુસાર સિક્કિમ, તટિય પશ્ચિમ બંગાળ, આસામ, મેઘાલય, અરૂણાચલ પ્રદેશ અને લક્ષદ્વીપમાં હળવોથી મધ્યમ વરસાદ જ્યારે કે કેટલાક અંતરિયાળ ભાગોમાં ભારે વરસાદની શક્યતા છે.

ઉપરાંત ઓડિશા, મરાઠવાડા, છત્તીસગઢ, મધ્ય પ્રદેશ, તટિય આંધ્ર પ્રદેશ, દક્ષિણ પૂર્વ અને પૂર્વીય રાજસ્થાન, તેમજ બિહારમાં પણ હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. જમ્મૂ કાશ્મીર, હિમાચલ પ્રદેશ, પંજાબના કેટલાક ભાગો, તામિલનાડુ તેમજ વિદર્ભમાં હળવો વરસાદ પડી શકે છે.

T-20 World Cup

ICC T20 વર્લ્ડ કપ ક્રિકેટમાં અફઘાનિસ્તાને DLS પદ્ધતિથી બાંગ્લાદેશને 8 રનથી હરાવી દીધું છે. આ જીત સાથે અફઘાનિસ્તાન સેમિફાઇનલમાં પહોંચનારી ચોથી ટીમ બની છે. જેને લીધે આ વિશ્વકપમાંથી હવે ઓસ્ટ્રેલિયા બહાર ફેંકાઈ ચૂક્યું છે. હવે પ્રથમ સેમી ફાઇનલમાં અફઘાનિસ્તાન દક્ષિણ આફ્રિકા સામે જયારે બીજી સેમિફાઇનલમાં ભારત ઇંગ્લેન્ડ સામે ટકરાશે. સુપર-8ની અંતિમ મેચમાં અફઘાનિસ્તાનના નવીન-ઉલ-હકને 4 વિકેટ લેવા બદલ પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાયો હતો.

Asian Wrestling Championships

ભારતે જોર્ડનના અમ્માનમાં રમાયેલી 17 વર્ષથી ઓછી વયની એશિયન કુસ્તી ચેમ્પિયનશીપમાં ચાર સુવર્ણ, બે રજત અને પાંચ કાંસ્ય ચંદ્રક મળી કુલ 11ચંદ્રક જીત્યા છે. મહિલા કુસ્તીબાજોએ ચારેય સુવર્ણ ચંદ્રક જીત્યા હતા. 46 કિગ્રામાં દીપાંશી, 53 કિગ્રામાં મુસ્કાન, 61 કિગ્રામાં રજનીતા અને 69 કિગ્રામાં માનસી લાથેરે શાનદાર પ્રદર્શન કરીને સુવર્ણ ચંદ્રક મેળવ્યા હતા. રાજા બાલાએ 40 કિગ્રા કેટેગરીમાં રજત ચંદ્રક જીત્યો હતો.

પુરૂષ ટીમમાં સમર્થ ગજાનન મ્હાકાવેએ 55 કિગ્રા વર્ગમાં રજત ચંદ્રક મેળવ્યો હતો. જ્યારે, 65 કિગ્રામાં આકાશ, 71 કિગ્રામાં સચિન કુમાર, 48 કિગ્રામાં વિકાસ કાચપ, 60 કિગ્રામાં તુષાર તુકારામ પાટીલ અને 110 કિગ્રામાં રોનકે કાંસ્ય ચંદ્રક જીત્યા હતા.